# ધી કપડવંજ પીપલ્સ કો-ઓપ. બેન્ક લી. - કપડવંજ

## સેફ ડિપોઝિટ લોકર કરાર

આ લોકર કરાર ધી કપડવંજ પીપલ્સ કો-ઓપ. બેન્ક લી. કપડવંજ જે હવે પછી બેન્ક તરીકે ઓળખવામાં આવશે અને તેના ગ્રાહક (લોકર ધારક) વચ્ચે કરાર માં દર્શાવેલ તારીખ અને સ્થળે કરવામાં આવેલ છે.

બેન્કમાં તેના અધિકારીઓ, પ્રબંધક અને કામગીરી સોપવામાં આવેલ કર્મચારીનો સમાવેશ થાય છે અને જ્યાં ગ્રાહક (લોકર ધારક) તરીકે

૧. એક અથવા વધુ વ્યક્તિઓ, તેના/તેણીના વારસદારો, વહીવટકર્તાઓ, અને કાનૂની પ્રતિનિધીઓ,
૨. માલિકી પેઢી, (પ્રોપરાઇટર) માલિક અને તેના/તેણીના વારસદારો, વહીવટકર્તાઓ, અને કાનૂની પ્રતિનિધીઓ
૩. ભાગીદારી પેઢી, આવી પેઢીના ભાગીદારો,વહીવટ કર્તાઓ,તેમાથી દરેક ભાગીદારના વારસદારો, વહીવટકર્તાઓ, અને કાનૂની પ્રતિનિધીઓ
૪. HUF હિન્દુ અવિભક્ત કુટુંબ, તેના સભ્યો, તેના કાનૂની વારસદારો, વહીવટકર્તા અને કાનુની પ્રતિનિધીઓ.

**અહીં બેન્ક અને ગ્રાહક બંનેનો પક્ષકાર અને સયુક્ત પક્ષકારો તરીકે ઓળખવામાં આવશે. અહીં**

(a) અહીં સેફ ડિપોઝિટ લોકર ની સુવિધા લેવા ઇચ્છુક ગ્રાહકે સેફ ડિપોઝિટ લોકરની સુવિધા માટે બેન્ક નો સંપર્ક કર્યો છે.
(b) બેન્ક તેના ચોક્કસ નિયમો અને શરતોને આધીન ગ્રાહકને સેફ ડિપોઝિટ લોકર સુવિધા આપવા સમંત છે. અને
(c) આ અંગે બંને પક્ષકારો તેમની વચ્ચેની સમજણ નક્કી કરવા આ કરાર કરવાનું નક્કી કર્યું છે.

નીચે મુજબના નિયમો તથા શરતો અંગે બંને પક્ષકારો સમંત થાય છે.

**૧. લોકર લાઇસન્સ :-**

**૧.૧** બેન્ક આથી લોકર (લાઇસન્સી) પરવાનેદાર તરીકે ગ્રાહકને સેફ લોકર ડિપોઝિટ લોકરનો ઉપયોગ કરવાનો પરવાનો (લાઇસન્સ) આપે છે.આને આધીન કરાર કે જે હવે લોકર કરાર થી ઓળખવામાં આવશે જે અંગે ની શરતો અને નિયમોનો વિગતવાર ઉલ્લેખ આ કરાર માં દર્શાવેલ છે.

**૧.૨** અહીં ગ્રાહક લોકરના ઉપયોગ બદલ ઉલ્લેખિત શરતોમાં આપવામાં આવેલ શરતોને આધીન ભાડું ચૂકવવાનું સ્વીકારે છે.

**૧.૩ આ દ્વારા લોકર ઉપયોગનો પરવાનો આપવામાં આવે છે કે.**

a. વ્યક્તિગત અને લોકર ધારકો પોતાના ઉપયોગ માટે, લોકર ધારક સિવાય અન્ય કોઈ વ્યક્તિના ઉપયોગ માટે નહીં
b. બિન – તબદીલ પાત્ર
c. માત્ર કાયદેસરના હેતુ માટે જેમાં દાગીના, કીમતી ચીજ વસ્તુઓ અને જરૂરી દસ્તાવેજો સાચવવા માટે

**લોકર ઉપયોગનો પરવાનોનીચે દર્શાવેલ વસ્તુ / સામગ્રી સાચવવા માટે નથી જવી કે**

(i) શસ્ત્રો, વિસ્ફોટકો, દવાઓ અને અથવા કોઈપણ પ્રતિબંધિત વસ્તુ અને અથવા
(ii) કોઈ પણ નાશવંત વસ્તુ અને / અથવા કિરણોત્સગી વસ્તુ અને અથવા કોઈપણ ગેરકાયદેસર પદાર્થ અને અથવા
(iii) કોઈપણ વસ્તુ જે બેંક અથવા તેના કોઈપણ ગ્રાહકો માટે કોઈપણ જોખમ અથવા ત્રાસ ઉપદ્રવ પેદા કરી શકે છે.

**૧.૪** ગ્રાહક (લોકર ધારક)ને આ કરાર હેઠળ નક્કી કરેલ નિયમો અને શરતો અનુસાર લોકરને ઓપરેટ કરવા અને તેનો ઉપયોગ કરવાના અધિકાર સિવાય લોકરમાં મિલકતનો કોઈ અધિકાર રહેશે નહી,

**૧.૫** ગ્રાહક (લોકર ધારક)ને નીચે મુજબ લોકર ઓપરેટ કરવાની મંજુરી આપવામાં આવશે:

A. બેંકના કામકાજના દિવસે લોકર ઓપરેશન માટે બેંક દ્વારા વખતોવખત નક્કી કરાયેલ બેંકના કામકાજના સમય દરમ્યાન જો કે, બેંક તેના નિયંત્રણ બહારના કોઈપણ કારણોસર જેમ કે પુર, હુલ્લડો, કરફ્યુ, તાળાબંધી વગેરે કારણસર કામ કરવા સક્ષમ ન હોય તેવા સંજોગોમાં, બેંક લોકરધારકને લોકરઓપરેટ કરવાની મંજુરી આપવા માટે જવાબદાર રહેશે નહીં;
B. બેન્ક દ્વારા નિર્દેશીત વિગતો નિર્ધારિત ફોર્મમાં તેના રેકોર્ડમાં વિગતો દાખલ કરવાની કામગીરી કરે તે પછી; અને બેંક દ્વારા માંગવામાં આવે ત્યારે ગ્રાહક (લોકર ધારક)ના ઓળખના અને રહેઠાણના આપે તે પછી
C. જો બેંક દ્વારા માંગવામાં આવે ત્યારે ગ્રાહક (લોકર ધારક)ના ઓળખના અને રહેઠાણના પુરાવો આપે તે પછી

**૨. ગ્રાહક (લોકર ધારક)ની બાંયધરી અને ફરજ**

**૨.૧ ગ્રાહક (લોકરધારકે)**

a. લોકરનો ઉપયોગ ફક્ત લાગુ કાયદા અને નિયમો અનુસાર શરતો અને તે હેતુ માટેજ કરી શકશે.

૬) લોકર ખોલવાની ઉપર દર્શાવેલ પ્રક્રિયા બાદ બેંક દ્વારા લોકર માથી નીકળેલ વસ્તુઓની યાદી તૈયાર કરશે અને બેંકના માન્ય વેલ્યુઅર દ્વારા યાદી કરેલ વસ્તુનું મૂલ્યાંકન મેળવશે અને લોકર માથી નીકળેલ વસ્તુઓની યાદી મુજબ ની વસ્તુ ફાયર-પ્રૂફ રીતે સીલબંધ કવરમાં સેફની અંદર રાખવામાં આવશે.

૭) વધારામાં બેંક દ્વારા લોકર માથી નીકળેલ વસ્તુઓ, તેની યાદી તથા તેના કરેલા મુલ્યાંકન સાથે લોકરની બ્રેક ઓપન પ્રક્રિયાનો વીડીયો પણ રેકોર્ડ કરશે અને તેને સુરક્ષિત રાખશે અને સાચવશે જેથી ભવિષ્યમાં કોઈપણ વિવાદ અથવા કોર્ટ કેસ કીસ્સામાં પુરાવા તરીકે રજૂ કરી શકાય.

૮) લોકર રજીસ્ટર ઉપરાંત બેંક લોકર તોડવાની વિગતો બેંકની કોર બેંકીંગ સીસ્ટમ (સી.બી.એસ.) માં અથવા અન્ય કોઈ કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમ માં આરબીઆઈ દ્વારા સમયાંતરે જારી કરાયેલ સાયબર સુરક્ષા ફ્રેમવર્ક સાથે રાખવામા આવેલ છે એ પણ સુનિશ્ચિત કરશે.

૯) ઉપર જણાવ્યા મુજબ તૈયાર કરેલ યાદીમાં નોંધાયેલા લોકરની વસ્તુઓનો નિકાલ જાહેર હરાજીમાં વેચાણ દ્વારા કરવામાં આવશે અને વેચાણની રકમ બેન્ક દ્વારા ગ્રાહકના લેણાં માટે પ્રથમ જમા કરવામાં આવશે. (બાકી ભાડું, બ્રેકીંગ ઓપન ચાર્જીસ અને અન્ય બાકી લેણા સહીત) અને બાકીની રકમ ગ્રાહકને પરત કરવામાં આવશે અથવા ગ્રાહકના આદેશ મુજબ નિકાલ માટે રાખવામાં આવશે

૧૦) લોકરની વસ્તુઓનો (નિકાલ) જાહેર વેચાણ/હરાજી પહેલા બેંક નોટીસ (લોકર ધારક) ગ્રાહક દ્વારા નોંધાયેલ સરનામાં ઉપર રજીસ્ટર પોસ્ટ, સ્પીડ પોસ્ટ અથવા કુરિયર દ્વારા અને/ અથવા ઈમેઈલ દ્વારા (જેમાં ઈમેલ આઈડી ઉપલબ્ધ હોય) ગ્રાહકને ઓછામાં ઓછી ૩ (ત્રણ) મહીનાની અગાઉની લેખીત સુચના/નોટીસ ગ્રાહકને લેણાની વસુલાત માટે લોકરની સામગ્રીની જાહેર હરાજી કરવાના ઈરાદા વીશે જાણ કર્યા પછી કરવામાં આવશે. બેક ઉકત હરાજીનોટીસમાં હરાજીની તારીખ, સમય,સ્થળ, બેંકની બાકી રકમ અને બનાવવામાં આવેલ લોકરની વસ્તુઓની યાદીની નકલ શામેલ હોવી જોઈએ.

**૪. બેન્કને નીચેની જવાબદારીઓ અને ફરજમાંથી છૂટ**

૧) બેન્ક વરસાદ, આગ, પુર, ધરતીકંપ, શોટ સર્કિટ, નાગરીક અવ્યવસ્થા, હંગામો, હુલ્લડો અથવા કોઈપણ આંતકવાદી હુમલાના કીસ્સામાં લોકરની વસ્તુમાં નુકશાન અથવા અન્ય કોઈ સમાન કારણસર નુકસાન માટે કોઈપણ કીસ્સામાં જવાબદાર રહેશે નહી.

૨) ગ્રાહકની કોઈપણ ભુલ અથવા બેદરકારીને કારણે અને/અથવા તેવા કોઈપણ કૃત્યથી લોકરની વસ્તુમાં ઉદ્દભવતા કોઈપણ નુકસાન / હાનિ માટે બેંક જવાબદાર રહેશે નહી.

૩) આ કરારની જોવાઈઓને ધ્યાનમાં રાખીને લોકર તોડવામાં આવે અને લોકરની વસ્તુ ના નિકાલ કરવામાં આવે ત્યારે ગ્રાહક દ્વારા કરવામાં આવેલ કોઈપણ ખર્ચ, નુકસાન (કોઈપણ નુકસાન અને અથવા લોકરની વસ્તુના નુકશાન સહીત) માટે બેંક જવાબદાર રહેશે નહી. બેંક તેની જવાબદારીઓમાંથી છુટી જશે.

૪) ઉપરોકત બાબતોને ધ્યાનમાં લીધા વિના, લોકર પરની બેંકની જવાબદારી હંમેશા લાગ કાયદા અને નિયમન હેઠળ મર્યાદાને આધીન રહેશે.

૫) લોકરમાં રહેલ વસ્તુઓનો બેન્ક દ્વારા વીમો લેવામાં આવતો નથી અને કોઈપણ જોખમ સામે લોકરમાં રહેલ વસ્તુઓનો વીમો લેવાની કોઈ જવાબદારી બેન્કની રહેશે નહીં.

**૫. કાયદો અને અધિકાર ક્ષેત્ર**

આ કરાર ભારતીય કાયદાને આધીન કરવામાં આવેલ છે અને તેમાંથી ઉદભવતી તમામ બાબતો જ્યાં બેન્ક સ્થિત છે અથવા બેન્કનું કાર્યક્ષેત્ર છે તે અધિકાર ક્ષેત્ર ને આધીન રહેશે.

| **સ્થળ:- કપડવંજ** | | **તારીખ:-** |
|---|---|---|
| **1. PARTIED TO THIS AGREEMENT** | | |
| 1 (A) | બેન્ક | ઘી કપડવંજ પીપલ્સ કો-ઓપ. બેન્ક લી. કપડવંજ જે કો. ઓપરેટિવ સોસાયટી એક્ટ, ગુજરાત હેઠળ નોધાયેલ છે અને દાણીવાડા ગાંધી ચોક, કપડવંજ-૩૮૭૬૨૦ ખાતે કાર્યરત છે. આર. બી. આઈ લાઇસન્સ ધારક છે. |
| 1 (B) | ગ્રાહક (લોકર ધારક -૧) | |
| | | |
| | નામ | |
| | સરનામું | |
| | | મોબાઈલ નં |
| | | ઈમેલ આઈ. ડી. |
| | ગ્રાહક (લોકર ધારક-૨) | |
| | નામ | |
| | સરનામું | |
| | | |
| | | મોબાઈલ નં |
| | | ઈમેલ આઈ. ડી |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રાહક (લોકર ધારક-૩) | | | |
| | નામ | | | |
| | સરનામું | | | |
| | | | | |
| | | મોબાઈલ નં | | |
| | | ઈમેલ આઈ. ડી | | |
| | ગ્રાહક (લોકર ધારક-૪) | | | |
| | નામ | | | |
| | સરનામું | | | |
| | | | | |
| | | મોબાઈલ નં | | |
| | | ઈમેલ આઈ. ડી | | |
| ૨ | લોકર નું વર્ણન | લોકર ટાઈપ<br>ચાવી નંબર | લોકર નંબર | |
| ૩ | લોકર નું ભાડું (પ્રતિ વર્ષ) | રૂ. | | |
| | | રૂપિયા (શબ્દોમાં) | | |
| | | બેન્કના વખતો વખત ના નીયમોને આધીન વધ ઘટ કરી શકાશે. *GST અલગ થી રહેશે. | | |
| ૪ | કરાર નો સમય ગાળો | કરાર કર્યા તારીખ થી ૧ વર્ષ સુધીનો અને અને દર વર્ષના અંતે આપોઆપ ૧ વર્ષ માટે લંબાવવામાં આવશે. ( જો તેની શરતો સમાપ્ત કરવામાં આવશે તો આ સમય ગાળો સમાપ્ત ગણવામાં આવશે. | | |
| ૫ | લોકર વપરાશ અંગે ની સુચના (Operation Instruction) | | | |
| ૬ | અન્ય કોઈ સુચના | | | |
| | ૧ | ૨ | ૩ | ૪ |
| હસ્તાક્ષર | | | | |
| નામ | | | | |
| હોદ્દો* | | | | |

* જો લોકર ધારક પ્રોપરાઈટર, પાર્ટનર, HUF પાવર ઓફ એટોની હોય તેવા સંજોગોમાં બંને પક્ષકારોએ આ કરારનો અમલ કર્યો છે.

સાક્ષિ તરીકેની સહી

સાક્ષિનું નામ અને સરનામું

## ધી કપડવંજ પીપલ્સ કો-ઓપ. બેન્ક લી. - કપડવંજ

કલાર્ક　　　　ઓફિસર　　　　એકાઉન્ટન્ટ　　　　મેનેજર